ગાંધીનગર સમાચાર

સરિતા ઉદ્યાનને ૮.૩૭ કરોડના ખર્ચે રિ-ડેવલપ કરાશે

# ...ન જાણ્યુ જાનકી નાથે સવારે શું થવાનું છે...

**ગાંધીનગરના જાણીતા અગ્રણી કમલકિશોર જૈનના જયેષ્ઠ બંધુ પ્રકાશચંદ જૈન જોધપુરથી ગાંધીનગર સુધીની બસયાત્રા દરમ્યાન જ અનંતયાત્રાએ નીકળી ગયા... જૈન પરિવારમાં શોક**

ગાંધીનગર, તા. ૨૯

ઈશ્વરની ગત ક્યારેક જાણી શકાતી નથી. ક્યારેક વ્યક્તિ જીવલેણ બીમારી કે ગંભીર અકસ્માતમાંથી બચીને વર્ષો વર્ષ જીવી જાય છે. તો ક્યારેક સાજો સારો માણસ અચાનક જ અનંતયાત્રાએ ઉપડી જાય છે. આવો જ એક બનાવ શહેરના જાણીતા જૈન પરિવારમાં બન્યો છે. કલ્પતરૂના પ્રેસિડેન્ટ તથા રોટરીક્લબ કલરવ, કલ્ચરલ ફોરમ સહિતની અનેક જાણીતી સાંસ્કૃતિક સામાજિક સંસ્થાઓના અગ્રણી કમલ કિશોર જૈનના જયેષ્ઠ બંધુ પ્રકાશચંદ જૈનનું જોધપુરથી ગાંધીનગરની બસયાત્રા દરમ્યાન જ અચાનક અવસાન થતાં જૈન પરિવારમાં ભારે શોક અને આઘાતની લાગણી પ્રસરી ગઈ છે.



આ આઘાતજનક બનાવ અંગે જૈન પરિવારમાંથી પ્રાપ્ત વિગતો અનુસાર કમલ કિશોર જૈનના જયેષ્ઠ બંધુ પ્રકાશચંદ જૈન અને તેમનો પરિવાર રાજસ્થાનના જોધપુર નજીકના પીપાડ ગામે રહે છે. ૬૫ વર્ષિય પ્રકાશચંદ જૈન છેલ્લા કેટલાક સમયથી શ્વાસની બીમારીથી પીડાતા હતા. તેમની સારવાર ગાંધીનગર નજીક આવેલી એપોલો હોસ્પિટલમાં ચાલતી હતી. સઘન સારવારથી તેઓ સ્વસ્થ થઈ ગયા હતા. સ્વસ્થ થયા બાદ તેઓ દર બે મહિને નિયમિત રીતે રૂટીન ચેકઅપ માટે એપોલો હોસ્પિટલ આવતા હતા. ગઈકાલે પણ તેઓ આવી જ રીતે નિયમિત ચેકઅપ માટે પીપાડ (જોધપુર)થી ગાંધીનગર આવવા લકઝરી બસમાં નીકળ્યા હતા. તેમની સાથે તેમનો ૪૭ વર્ષનો ભત્રીજોનો દિકરો આયુષ જૈન પણ હતો. રાત્રિ દરમ્યાન બધા જ મુસાફરોની જેમ પ્રકાશચંદ જૈન પણ પોતાની સીટ પર નિંદ્રામાં પોઢી ગયા હતા. આજે વહેલી સવારે સાડા છ વાગે વિસત પાસે સ્ટેન્ડ આવતા આયુષ જૈને પ્રકાશચંદ જૈનને ઉઠાડવાનો પ્રયાસ કર્યો હતો. ઘણી મથામણ બાદ પણ તેઓ ન ઉઠતા આયુષ ગભરાઈ ગયો હતો અને તેણે ગાંધીનગર સ્થિત કમલ કિશોર જૈનને ફોન કરતા તેઓ ડૉક્ટર સાથે વિસત પહોંચી ગયા હતા અને પ્રકાશચંદને તપાસ્યા હતા. જો કે તેઓનું અવસાન થઈ ચુક્યુ હતુ. જોધપુરથી ગાંધીનગરના માર્ગ દરમ્યાન જ તેઓનું અચાનક જ અવસાન થઈ ગયુ હતુ. પ્રકાશચંદ જૈન અચાનક જ અનંતયાત્રાએ ઉપડી જતાં જૈન પરિવારમાં ભારે શોકની લાગણી પ્રસરી ગઈ હતી. તેઓના મૃતદેહને સવારે જ તેઓના વતન પીપાડ લઈ જવાયો હતો. જ્યાં તેઓની અંતિમવિધિ કરાઈ હતી.

વિજ્ઞાન ગમે તેટલુ આગળ પહોંચી ગયું હોય પરંતુ મૃત્યુનુ પુર્વાનુમાન કે આગાહી થઈ શકતી નથી. ઈશ્વરે આ બાબત પોતાની હસ્તક જ રાખી છે તે આ બનાવથી પુનઃ સાબિત થયું છે.

# શહેરમાં સાંજે વરસાદી ઝાપટુ

**બપોરે ઉઘાડ નીકળ્યા બાદ સાંજે આકાશમાં વરસાદી વાદળો ઘેરાયા : ઝાપટાથી શહેરમાં પાણી પાણી**

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર શહેરમાં આજે સાંજે અચાનક જ આકાશમાં વાદળો ઘેરાઈ આવ્યા હતા અને વરસાદનું જોરદાર ઝાપટુ પડ્યુ હતુ. અચાનક જ વરસાદ આવતા છત્રી-રેઈનકોટ વિના ઘરેથી નીકળેલા વસાહતીઓ પલળી ગયા હતા. જો કે જે પ્રમાણે વાદળો ઘેરાયા હતા તે પ્રમાણે વરસાદ વરસ્યો ન હતો. મોડીરાત સુધી છુટોછવાયો વરસાદ વરસતો રહ્યો હતો.

ગાંધીનગરમાં છેલ્લા બે ત્રણ દિવસથી સામાન્ય વરસાદ વરસી રહ્યો હતો. પરંતુ ગત મોડી રાત્રીથી હવામાન પલટાયુ હતુ અને ગરમી અને ઉકળાટ શરૂ થવા પામ્યો હતો.

આજે દિવસભર સતત ગરમી અને ઉકળાટ પડતા નગરજનો ગરમીથી ત્રાહિમામ પોકારી ગયા હતા. જો કે બપોર બાદ સાંજના સમયે ફરી વાતાવરણમાં પલટો આવ્યો હતો અને વરસાદનું જોરદાર ઝાપટુ પડતા વાતાવરણ ઠંડુ થયું હતું અને ગરમી અને ઉકળાટમાં ઘટાડો થતાં લોકોએ ગરમીથી રાહત મેળવી હતી.

સાંજે શહેરના હવામાનમાં આવેલા પલટા બાદ સાંજથી મેઘરાજાએ પધરામણી કરતા મોડી રાત સુધી છુટોછવાયો વરસાદ ચાલુ રહ્યો હતો.

રાજ્ય પૂર નિયંત્રણ કક્ષ પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ ગાંધીનગર ઉપરાંત રાજ્યના અન્ય કેટલાક વિસ્તારોમાં પણ હવામાનમાં પલટો આવ્યો હતો અને સામાન્યથી ભારે વરસાદ નોંધાયો હોવાના અહેવાલ સાંપડી રહ્યા છે.

આજે જોરદાર વરસાદ આવતા શહેરના રાજમાર્ગો પર પાણી ભરાઈ જવા પામ્યા હતા. તો કેટલાક નિચાણવાળા વિસ્તારોમાં પણ પાણી ભરાઈ જતા લોકોને ભારે હાલાકી વેઠવી પડી હતી.



# સરિતા ઉદ્યાનને ૮.૩૭ કરોડના ખર્ચે રિ-ડેવલપ કરાશે

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર શહેરના જ માર્ગ પર આવેલ સરિતાઉદ્યાનને પાંચ જેટલા જુદા જુદા થીમ હેઠળ વિભાજીત કરી અને વિકસાવવામાં આવશે.

આજે ગાંધીનગર મહાનગર પાલિકાની સ્થાયી સમિતિની બેઠકમાં આ ઉદ્યાનને વિકસાવવા માટેની મંજૂરી આપી દેવામાં આવી છે. રિડેવલપ કરાતા આ ઉદ્યાન પાછળ રૂ. ૮.૩૭ કરોડનો ખર્ચ કરવામાં આવશે અને તે એક જ વર્ષના ગાળામાં રિડેવલપ કરી ત્રણ વર્ષ સુધી તેની જાળવણીની જવાબદારી એજન્સી પોતે સંભાળશે.

મળતી વિગતો પ્રમાણે સરિતા ઉદ્યાનને ફરતે કમ્પાઉન્ડ વોલ તેમજ ઉદ્યાનમાં અંદરના ભાગે સિનીયર સિટીઝન્સ માટે અલાયદો પાર્ક તેમજ ચાર જેટલા વૃક્ષો આધારિત થીમ પાર્ક ડેવલપ કરવાનું આયોજન કરાયું છે.

આ રિ ડેવલપીંગ માટેની આખીય કાર્યયોજના ટાટા કન્સલટન્સી દ્વારા તૈયાર કરવામાં આવી છે. રિડેવલપીંગનો સંપૂર્ણ ખર્ચ સ્વર્ણીમ જયંતિ શહેરી વિકાસ યોજના અને કેન્દ્ર પુરસ્કૃત અમૃતમ યોજનામાંથી કરવામાં આવશે.

આ રિ ડેવલપીંગ માટેનું ટેન્ડરીંગ થઈને સરકારમાંથી આવ્યુ હતુ. મનપા દ્વારા માત્રને માત્ર ખર્ચ અને સુપરવિઝન કરવામાં આવશે. આ માટેનું ટેન્ડર મૂળ ટેન્ડર કરતાં ૦.૩૬ ટકા જેટલુ નીચુ આવ્યુ હતુ. રિડેવલપીંગ કામ માટે ત્રણ ટેન્ડરો આવ્યા હતા.

મનપાના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે એસ-૧ તરીકે દેવર્ષ કન્સ્ટ્રક્શન કંપની આવી હતી તેને વર્ક ઓર્ડર આપવાનો નિર્ણય આજની બેઠકમાં લેવામાં આવ્યો હતો.

● અનુસંધાન પાન-૫ પર

# રખડતા પશુઓની સમસ્યા સ્થાયી સમિતિમાં પણ ચમકી

**કડક અને અસરકારક કામગીરી આ સમસ્યાના ઉકેલ માટે થાય તેવી સભ્યોની તીવ્ર લાગણી**

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર શહેરમાં ઘેરી બનેલી રખડતા પશુની સમસ્યા આજે મનપાની સ્થાયી સમિતિમાં પણ ચર્ચાનો મુદ્દો બની હતી અને ૧૫ મિનિટથી વધુ સમય સુધી આ મુદ્દે ગંભીર ચર્ચાઓ થઈ હતી.

ગાંધીનગર મહાનગરપાલિકાની આજે મનપાના સ્થાયી સમિતિના ખંડમાં મળેલી બેઠકમાં સૌ સભ્યોએ ખુબ જ ચિંતાની લાગણી વ્યક્ત કરી જણાવ્યું હતું કે આને લઈ શહેરમાં અકસ્માતોની સંખ્યામાં પણ વધારો થવા પામ્યો છે.

આ પશુઓને લીલુ ઘાસ ખવડાવવા માટેનો ચાલતો ગેરકાયદે ધંધો પણ ચર્ચામાં આવ્યો હતો અને આ ધંધો કરનારાઓ સામે દંડનીય કાર્યવાહી મનપાએ કરવી જોઈએ તેવી પણ રજુઆત કરવામાં આવી હોવાનું જાણવા મળેલ છે.

મનપાના વિશ્વસનીય સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે આજની

● અનુસંધાન પાન-૫ પર

# મેલેરિયાના કેસો શોધવાનું મહાઅભિયાન આરંભાયુ

**૨૬૦ ટીમો દ્વારા ૨૯ હજારથી વધુ મકાનો અને ૧ લાખ ૪૨ હજાર લોકોને સર્વેલન્સમાં આવરી લેવાયા**

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર જિલ્લામાં ૨૬૦ જેટલી ટીમો બનાવી મેલેરિયાના કેસો શોધવાનું મહાઅભિયાન આજથી આરંભાયુ છે. આરોગ્ય તંત્ર દ્વારા મેલેરિયાના કેસો શોધવાનું આવું અભિયાન પ્રથમવાર યોજવામાં આવી રહ્યું છે.

જિલ્લામાં ૨૬૦ જેટલી ટીમો દ્વારા ૨૯ હજારથી પણ વધુ આવાસોને અને ૧ લાખ ૪૨ હજારથી વધુ વસ્તીને સર્વેલન્સ હેઠળ આવરી લેવામાં આવી હતી. જેમાંથી ૪૧૨ વ્યક્તીઓએ કરેલી તાવની ફરિયાદને ધ્યાને લઈ તેમના લોહીના નમુના મેળવી ચકાસણીની કામગીરી હાથ ધરવામાં આવી છે.

મળતી વિગતો પ્રમાણે ટીમો દ્વારા આજે કરાયેલા સર્વેલન્સમાં ૧૧૭૦ જેટલા સ્થાનો પરથી મચ્છરોના પોરા પણ મળી આવતાં તંત્રએ તાત્કાલિક પોરાનાશક કામગીરી પણ કરી હતી. જિલ્લા આરોગ્ય તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે ૬૯ ગામોમાં આજે સર્વેલન્સની કામગીરી હાથ ધરવામાં આવી છે. રાજ્યના આરોગ્ય તંત્રની સૂચનાને આધારે હાથ ધરાયેલ આ સર્વેલન્સમાં ૧૨૦૦થી પણ વધુ કર્મચારીઓ જોતરાયા છે. જિલ્લાના ૩૦૩ ગામોને આ સર્વેલન્સમાં આવરી લેવાશે. આજે પ્રથમ દિવસ હોવાને કારણે થોડીક ધીમી કામગીરી થઈ છે પરંતુ હવે પછી આ કામગીરીમાં વેગ આવશે તેવો વિશ્વાસ તંત્રના સૂત્રોએ વ્યક્ત કરતાં જણાવ્યું છે કે એક સપ્તાહમાં સમગ્ર જિલ્લામાં સર્વેલન્સની કામગીરી પૂર્ણ કરી દેવામાં આવશે.

તંત્રના સૂત્રોએ જણાવ્યું છે કે વાહકજન્ય રોગચાળા માટે આવુ સામુહિક અભિયાન પ્રથમવાર યોજવામાં આવી રહ્યુ છે.

દરમ્યાન ગાંધીનગર શહેરમાં પણ આજે ૮ હજાર જેટલા મકાનોમાં સર્વેલન્સની કામગીરી કરવામાં આવી હતી. જેપૈકી ૨૦૦ જેટલા મકાનોમાંથી પોરા મળી આવતા પોરાનાશક કામગીરી કરવામાં આવી હતી.

## બેસણું

મારા માતૃશ્રી **રમાબેન હસમુખલાલ શાહનું** તા. ૨૮/૮/૨૦૧૬ના રોજ દુઃખદ અવસાન થયેલ છે. **સદ્ગતનું બેસણું તા. ૩૦/૮/૨૦૧૬ને મંગળવારના રોજ સાંજે ૫ થી ૭ દરમિયાન** નીચેના સ્થળે રાખેલ છે.

સ્થળ : સૌરાષ્ટ્ર લેઉઆ પટેલ સમાજ વાડી, સેક્ટર-૭, ગાંધીનગર

**- ધીરેન હ. શાહ**
**નાયબ સચિવ,**
**ઉદ્યોગ અને ખાણ વિભાગ**

## ધી ગાંધીનગર નાગરિક કો.ઓપ. બેન્ક લિ.

પ્લોટ નં. ૩૯૧, ઘ-૪ાા, સેક્ટર-૧૬, ગાંધીનગર

## જાહેર નિવિદા

રસ ધરાવતી પેઢીઓને જણાવવાનું કે, બેન્કને જરૂરી કોમ્પ્યુટર્સ, પ્રિન્ટર્સ, સી.સી.ટી.વી. કેમેરા તથા યુ.પી.એસ. સિસ્ટમની ખરીદી કરવાની હોવાથી તે અંગેના ટેન્ડર પત્રકો રૂપિયા ૨૦ની ફી ભરીને ઉપરોક્ત સરનામેથી સવારે ૧૦ થી ૪ દરમિયાન મેળવીને આ જાહેરાતની તારીખથી દિન-૧૦માં મોકલી આપવાના રહેશે.

**લિ. મેનેજીંગ ડિરેક્ટર**

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225

VAIBHAV FURNISHINGS INC.
RETAIL SHOWROOM & FACTORY OUTLET



DECOR | DC TEX | HOMES | COPPER | Kurl-on PU FOAM | SPRINGFIT
• SOFA FABRIC • CURTAIN FABRIC • WALLPAPER • FOAM • MATTRESSES • PILLOWS • BEDSHEETS
Time : 11 a.m. to 9 p.m.
8, SIDDHRAJ ZORI, SARGAASAN - G'NAGAR
09414119651, 09829719885, 09462597151
Time : 9.30 a.m. to 7 p.m.
A-174, ELECTRONOICS ESTATE, G.I.D.C., SECTOR 26, G'NAGAR
09462597151, 09414119651

ગુજરાત સરકાર માન્ય LTC પ્રવાસો
કપલ / ફેમીલી ટુર
આંદામાન
હેવલોક - નીલ - બારાટાંગ
સ્પે. કેરાલા – મુન્નાર-થેકડી
દાર્જીલીંગ – ગંગટોક-પેલીંગ
કાશ્મીર – પહેલગામ-ગુલમર્ગ
સિમલા – મનાલી-ડેલ-અમૃત
ભુતાન – પારો-થિમ્પુ-પુનાખા
કુર્ગ-કબિની – વાયનાડ-હસન
નૈનિતાલ – કોર્બેટપાર્ક-મસૂરી
સ્વતંત્ર પેકેજ હોટલ એર બુકીંગ
નૂતન ટ્રાવેલ્સ Since 1951 26562324/22 9427455274 9408643756
કરીશ્મા, સ્ટેડીયમસર્કલ, સી.જી. રોડ, અમદાવાદ

પૂજન ડાન્સ એકેડમી
Presents
સ્પે. નવરાત્રિ બેચ-૨૦૧૬
Pragna Gajjar 99042 51651
Mittal Sharma 88661 67177



Special batches for Kids, Moms, Youngsters & Working Persons
10 days FREE WROKSHOP for old students
Admission Open
Plot No. 1110/1, Sec-2/D, CH-Road, Gandhinagar

ઈંટનો શ્રેષ્ઠ, સસ્તો અને મજબૂત વિકલ્પ
ફ્લેટ, બંગલો, બાઉન્ડ્રી વોલ, ઈન્ડસ્ટ્રીયલ વોલ, સ્કૂલ, હોસ્પિટલ માટે
● ઈંટો કરતા વધારે મજબૂત અને ત્રીજા ભાગનું વજન
● ઝડપી કામ તેમજ સીમેન્ટ, રેતી, પાણી અને મજુરીમાં મોટી બચત
● ઓછી કિંમત
● દિવાલો ખૂબ જ ઓછી તપે જેથી અંદરનું વાતાવરણ ઠંડુ રહે
● ઉધઈ અને કીટક પ્રતિરોધક
● ઈલેક્ટ્રીક અને પ્લમ્બીંગ કામ માટે એકદમ સરળ
● મશીન કટ દ્વારા પરફેક્ટ સાઈઝ, એકધારી ગુણવત્તા
● ઘોંઘાટ સામે રક્ષણ (High Sound Insulation)
● દિવાલોમાંથી નિકળતા ક્ષારથી મુક્તિ
ડીલર ઈન્કવાયરી આવકાર્ય
ECO GREEN
Autoclaved Aerated Concrete Blocks
ગાંધીનગર-ચિલોડા હાઈવે, આર્મી કેમ્પ સામે, તા. જી. ગાંધીનગર | ફોન : ૭૩૫૯૪૮૮૮૨૦
sales@ecogreenproducts.in | www.ecogreenproducts.in

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT | Kisan | ashirvad | BENELAVE | DR. FIXIT | TATA STEEL • PIPES • SHEETS | VINAYAK 500 TMT BARS - ISI
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com